ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



## પાટનગરના પગથારેથી

- મનોજ મ.શુક્લ

### કે.કૈલાસનાથનનું સૌજન્ય, વિવેક અને પરિપક્વતા

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં મુખ્ય અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા કે. કૈલાશનાથને તાજેતરમાં એક સરકારી કાર્યક્રમમાં તેમનાં સૌજન્ય,વિવેક,નમ્રતા અને



પરિપક્વતા પુરાવો આપ્યો હતો.વાત જાણે એમ બની કે પ્રવાસન વિભાગ દ્વારા ભવિષ્યમાં ગુજરાતમાં આયોજિત કરાનારા ફિલ્મફેર એવોર્ડનો સમારોહ અંગે કરવાના થતા સમજુતી કરાર નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદરે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથનને ડાયસ પર બેસવા આગ્રહ કર્યો હતો. પરંતુ કૈલાશનાથને હૈદરને કહ્યું કે કેબિનેટ કક્ષાના મંત્રીઓ પ્રેક્ષાગારમાં બેઠા હોય ત્યારે મારાથી ડાયસ પર સ્થાન ન લેવાય,આમ કહી તેઓએ સ્ટેજ પર બેસવાનું ટાળ્યું હતું અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની બાજુમાં બેસી ગયા હતા તેમજ ત્યાં ઉપસ્થિત કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલને સ્ટેજ પર સ્થાન લેવા વિનંતી કરી હતી.એ પછી તો થયું એવું કે કે.કૈલાશનાથન સ્ટેજ પર ન બેઠા એટલે એસ.જે.હૈદરે પણ ડાયસ પર ન જવાનુ જ મુનાસિબ માન્યું હતું.

### અગ્ર સચિવ મોના ખંધારે સત્તાવાર કાર્યક્રમમાં સેલ્ફી લીધી.

ગત તા.૮ ઓગષ્ટના રોજ ગુજરાત સરકારના પંચાયત વિભાગના અગ્રસચિવ અને ૧૯૯૬ની બેચના સનદી અધિકારી મોના ખંધારે 'મેરી માટી-મેરા દેશ' નામક એક સરકારી કાર્યક્રમમાં



શિલાફલકમનું અનાવરણ કર્યા પછી એ સ્મૃતિ સાથે સેલ્ફી લીધી હતી.આમ તો સનદી અધિકારીઓ બહુ અકડુ હોય છે. પરંતુ મોના ખંધાર એક ગુજરાતી હોવાને કારણે અક્કડ રહેવાને બદલે સરળ રહે છે.મૂળ મુંબઈના જૈન કુટુંબમાં જન્મેલા મોના જીવંત વ્યક્તિ છે.મોના ભાવનગરમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે એ શહેરના નૃત્ય ગુરુ ધરમશી શાહ પાસે કથક નૃત્યની નિયમિત તાલીમ લેવા જતા અને ત્યાં અન્ય સામાન્ય વિદ્યાર્થીઓ સાથે જ શિસ્તબદ્ધ રીતે તાલીમ લેતા. સનદી અધિકારી હોવાનાં કારણે કોઈ વિશેષાધિકાર માંગતા નહીં.જાપાનમાં ડેપ્યુટેશન પર ગયા તો ત્યાં પણ ભારતના રાષ્ટ્રીય તહેવારની ઉજવણી પ્રસંગે પોતે નૃત્ય પ્રસ્તુત કરતા.બી.કોમ.ની ડીગ્રી ધરાવતા મોના પરદેશની યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ પણ કરી ચુક્યા છે.હસમુખા સ્વભાવના મોના ખંધાર આર્થિક બાબતોના નિષ્ણાત છે.

### ડો.એસ.પી.રાજકુમારનો વહીવટમાં માયાળુ અભિગમ


સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ ના અધિક પોલીસ મહાનિર્દેશક અને ૧૯૯૬ની બેચના આઈ.પી.એસ.અધિકારી ડો.એસ.પી.રાજકુમારે પોતાના હાથ નીચેના કર્મચારીઓ પ્રત્યે માનવીય અભિગમ દાખવીને તા.૦૫/૦૮/૨૩ના રોજ એક કચેરી



યાદી બહાર પાડીને આદેશ કર્યો છે કે સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝની કચેરીમાં તથા તેના તાબાના યુનિટ -શાખામાં ફરજ બજાવતા દરેક અધિકારી/કર્મચારીને તેમનાં કુટુંબમાં આવતા જન્મદિવસ,લગ્નતિથિ નિમિત્તે ૩ પરચુરણ રજા અગાઉથી મંજૂર કરી આપવી.આ પાછળ એવું કારણ અપાયું છે કે પોલીસ કર્મચારીઓ રોજબરોજની કામગીરીમાં અતિશય અને સતત વ્યસ્ત રહેતા હોવાને કારણે તેઓ પોતાના કુટુંબમાં આવતા લાગણીમય પ્રસંગો ઉજવી શકતા નહીં હોવાથી આ અલાયદી વ્યવસ્થા કરાઈ છે જેથી કરીને પોલીસ કર્મી આવા અગત્યના દિવસોમાં પોતાના કુટુંબ સાથે રહીને આનંદ કરી શકે.આઈ.પી. એસ.પોલીસ અધિકારીઓ તેમની કડકાઈ માટે જાણીતા હોય છે પણ તે સમૂહમાં રાજકુમાર જેવા સંવેદનશીલ અધિકારી પણ હોય છે એ આ ખિસ્સામાંથી પ્રકાશમાં આવ્યું છે.તામીલનાડુનાં રાજકુમાર એગ્રીકલ્ચર વિષય સાથે એમ.એસસી.થયા છે ને પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.ઈચ્છીએ કે રાજકુમારની વૃત્તિનો ચેપ અન્ય અધિકારીઓને પણ લાગે.

### રાજ્યના તિજોરી નિયામક આર.ટી.શાહને એક્સ્ટેન્શન્સ

ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે કે જાન્યુઆરી-૨૦૨૩મા વય નિવૃત્ત થયેલા તિજોરી નિયામક આર.ટી.શાહને નિવૃત્તિ બાદ માત્ર એક જ માસ પછી એક્સ્ટેન્શન્સ આપીને પુનઃ તિજોરી નિયામકપદે નિયુક્ત કરાયા છે.અગાઉ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના



નિયામક જપેશ હાથીને આ રીતે જ એક્સ્ટેન્શન્સ અપાયું હતું.હિસાબી કેડરની વર્ગ-૧ની સીધી ભરતીના ૧૯૯૮ની બેચના અધિકારી શાહ કચ્છ જિલ્લાના અંજારના વતની છે.'નિશાળેથી નિસરી પાંસરા જવું ઘેર' જેવી નીતિથી નિષ્ઠાપૂર્વક નોકરી કરનાર આર.ટી.શાહ બાહોશ તથા સંપૂર્ણ લૉ પ્રોફાઈલ અધિકારી છે.આર.ટી.શાહને ગાંધીનગર શહેરનુ સંતાન પણ ગણી શકાય તેમ છે.તેનું કારણ એ છે કે તેમનો સમગ્ર ઉછેર અને અભ્યાસ પાટનગરમાં થયો છે.કોઈ પણ ઉંચી વગ ન ધરાવતા શાહને અપાયેલું એક્સ્ટેન્શન્સ સંપૂર્ણપણે વહીવટી કારણોસર અપાયું હશે એમ સચિવાલયના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.


બેસણું



સ્વ. દર્શનાબેન દિલીપકુમાર સોની

તા. ૧૨/૮/૨૦૨૩, શનિવાર (ઉ.વર્ષ ૪૪) (ગામ : દહેગામ (ગાંધીનગર))

દિલગીરી સાથે જણાવાનુ છે કે અમારા બહેન સ્વ. દર્શનાબેન દિલીપકુમાર સોની સ્વર્ગવાસ પામેલ છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા. ૧૪/૮/૨૦૨૩, સોમવાર સવારે ૦૮:૦૦ થી ૧૧:૦૦ નીચેનાં સ્થળે રાખેલ છે.

અચાનક વિદાય લેતા મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી. ઉદય અને અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કે કદી ભુલાતા નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

લિ.

વિનુભાઈ કાનજીભાઈ સોની મો. : ૯૮૨૪૬૬૦૬૨૪

ધર્મેશભાઈ વિનુભાઈ સોની મો. : ૯૮૨૪૨૬૦૯૯૮

સ્થળ

કચ્છ કડવા પાટીદાર સમાજની વાડી સોમિલ વિભાગ

નહેરુ ચોકડી પાસે દહેગામ ગાંધીનગર


# ભારત દેશ યુગોયુગોથી વિશ્વને માર્ગદર્શન આપી રહ્યો છે : અમિત શાહ

**વીર શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો ભાવ અને દેશભક્તિની જ્યોત પ્રજ્વલિત કરવાનું કામ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ થકી કર્યું છે : આગામી ૨૫ વર્ષમાં ભારતને મહાન બનાવવાનું કામ દેશના વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શરૂ કરવાનું આહૂવાન કરતાં અમિત શાહ : હું અંગ્રેજી ભાષાનો વિરોધી નથી. ગુજરાતી ભાષાને જીવતી રાખવાની જવાબદારી આપણા સૌની છે : કોઇપણ દેશનું ભવિષ્ય કેટલા બાળકો શાળા જાય છે, તેનાથી નથી પણ કેટલા યુવાનો લાયબ્રેરીમાં જાય છે, તેનાથી નક્કી થાય છે : માણસાના તળાવોનો વિકાસ આગામી ૧૦૦ વર્ષ સુધી લોકો યાદ કરશે : અમિત શાહ**









ગાંધીનગર, તા.૧૩

હું અંગ્રેજી ભાષાનો વિરોધી નથી. ગુજરાતી ભાષાને જીવતી રાખવાની જવાબદારી આપણા સૌની છે, બાળક ગુજરાતી ભાષા નહિં શીખે તો ગુજરાતને નહિ ઓળખે, ગુજરાત નહિ ઓળખે તો દેશને નહિ ઓળખે તો તે દેશનું ભલું કયારે નહિ કરી શકે, તેવું આજરોજ માણસા ખાતે યોજાયેલ વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહેએ જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કોઈપણ દેશનું ભવિષ્ય કેટલા બાળકો શાળા જાય છે, તેનાથી નથી, પણ કેટલા યુવાનો લાયબ્રેરીમાં જાય છે, તેનાથી નક્કી થાય છે. માણસાની લાયબ્રેરી મને ખૂબ જ ઉપયોગી બની છે. પરંતુ વધુમાં વધુ યુવાનો લાયબ્રેરીમાં જતા થાય તે કાર્યને પ્રાધાન્ય આપવું ખૂબ જ જરૂરી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ પુરો થાય છે. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે વર્ષ- ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષના આઝાદીના આંદોલનમાં અનેક સ્વાતંત્ર્ય વીરોએ બિલદાન આપ્યું છે. જેમાં અમુક સ્વાતંત્ર્ય વીરોએ તો સર્વોત્તમ એવા જીવનું બલિદાન આપ્યું છે. દેશના નાના ભુલકાઓથી લઈ વડીલોમાં વીર શહીદો અને સ્વાંત્ર્ય વીરો પ્રત્યે સન્માન અને શ્રદ્ધા સુમન અર્પણ કરવાનો ભાવ તથા

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની તમામ શાળાઓમાં ૧૫ ઓગષ્ટ સુધી દેશભક્તિના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

**તિરંગાના મહત્ત્વ પર વકતૃત્વ સ્પર્ધા, દેશ ભક્તિ ગીત અને આર્ટ એન્ડ ક્રાફ્ટ દ્વારા તિરંગો તૈયાર કરવા વિદ્યાર્થીઓ ઉત્સુક**

ગાંધીનગર તા ૧૩

દેશની આઝાદીના ૭૫ માં વર્ષને અનુલક્ષી આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. શાળકક્ષાએ પણ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના વધુ મજબૂત બને તેવા આશયથી રાષ્ટ્ર ધ્વજ વિકાસ યાત્રા સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિવિધતસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે

વિદ્યાર્થીઓમાં દેશ ભક્તિની ભાવના વધુ મજબૂત થાય તે માટે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં દેશભક્તિના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા શિક્ષણ વિભાગે રાજયમાં વિવિધ જિલ્લાની શાળાઓના આચાર્ય અને સંચાલકો સાથે વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અન્વયે તા ૧૩થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. જ્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી ના જણાવ્યા મુજબ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તિરંગાના મહત્વ ઉપર વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા ઉપરાંત ચિત્ર સ્પર્ધા યોજાશે. તિરંગાની થીમ ઉપર દેશ ભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન પણ કરાશે. આર્ટ અને ક્રાફ્ટ દ્વારા તિરંગો તૈયાર કરવાની કલાત્મક કૃતિઓ પણ થશે રાષ્ટ્ર ધ્વજની વિકાસ યાત્રા તેમજ દોડની સ્પર્ધા પણ યોજાશે.

## સેકટરોમાં બોરના પાણીના નમુનાનો રીપોર્ટ યોગ્ય : ૧૩ પ્રકારના ટેસ્ટીંગ થાય છે

**સેકટરોમાં સ્થિત પાણીના બોરનો ઉપયોગ લાઇન ભરવા માટે થાય છે : સમયાંતરે બોરના પાણીના નમુના લઇ ચકાસણી કરવામાં આવે છે : રીપોર્ટ ઓકે ન હોય તો ઉપયોગ પણ ત્વરિત અસરથી બંધ કરી દેવાની સુચનાનો અમલ**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન પુરતો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનુ તંત્ર જણાંવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી વારંવાર પાણીની ઘટનો પ્રશ્ન ઉઠવા પામે છે. આ સ્થિતિ વચ્ચે નર્મદાના પાણી ઉપરાંત સેકટરોના બોરનો પણ પાણીની લાઈન ભરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જેના લીધે બોરના પાણીના નમુનાની ચકાસણી કરવી પણ અનિવાર્ય છે. સેકટરોમાં બોરના પાણીના નમુના લઈ સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ બોરના પાણીના નમુનાને અનુલક્ષી વિવધ ૧૩ પ્રકારનુ ટેસ્ટીંગ કરવામાં આવ્યુ હતુ જો કે નમુનાની ચકાસણી બાદ ટેસ્ટીંગનો રીપોર્ટ પણ ઓકે હોવાનુ સ્પષ્ટ થયુ છે. કોઈ સંજોગોમાં રીપોર્ટ ઓકે ન હોય તો બોર બંધ કરી દેવાની સુચનાનો પણ અમલ કરવો પડે છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન એકબાજુ મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ત્યારે વરસાદી ભીંજારની મોસમ વચ્ચે અન્ય વાયરલ બિમારીઓનુ પણ પ્રમાણ વધી રહ્યુ છે. આવા સંજોગોમાં પાણીજન્ય રોગચાળો ડોકીયુ ન કરે તે માટે પણ તંત્ર વધુ સતર્ક છે. શહેરના સેકટરોમાં હાલ નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જયારે નર્મદાના પાણી ઉપરાંત સેકટરોમાં કાર્યરત ૨૨ જેટલા બોરમાંથી પણ પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જો કે સેકટરોમાં પાણીના બોરનો ઉપયોગ લાઈન ભરવા માટે કરવામાં આવી રહ્યો છે. શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠાની જરૂરિયાતને પહોંચી વળવા સેકટરોના બોરનો ઉપયોગ પણ કરવો પડે છે. શહેરના સે- ૧ અને સે- ૭ માં નવા બોર બનાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે બોર આધારિત પાણી ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે પાણીના નમુનાની પણ સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. થોડા સમય અગાઉ પણ પાણીના બોરના નમુનાની ચકાસણી કરવામાં આવી હતી જેના અંતે પાણીના રીપોર્ટમાં ફલોરાઈડ, કેલ્શિયમ, નાઈટ્રેટ સહીતના તત્વોનુ પ્રમાણ યોગ્ય માત્રામાં હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. જો કે આ મામલે નિયત માત્રા કરતા વધુ કેમિક્લ્સ મળે તો પણ બોર નો ઉપયોગ નહીં કરવાની સુચનાનો અમલ જરૂરી બની રહે છે. તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. છેલ્લા એક દાયકાથી શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થાય છે. આ વર્ષે પણ ચોમાસાના પ્રારંભથી વરસાદનુ ચિત્ર સારુ છે. અલબત્ત સિઝનનો મોટાભાગનો વરસાદ થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહાત્મા મંદિર ખાતે IITEનો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો

**મહાત્મા મંદિર ખાતે અમિત શાહ તેમજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે IITEના ૨,૯૨૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ**





ગાંધીનગર, તા.૧૩

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે દીક્ષાંત સંબોધન કરતાં કહ્યું હતું કે, આઝાદીના અમૃતકાળના પ્રારંભે કંઈક કરવાની ભાવના સાથે દેશ માટે જીવવા સૌ દેશવાસીઓ-યુવાનો સંકલ્પબદ્ધ બને. ભારતના ભાવિ નાગરિકોના નિર્માણ કરવાનો દસ્તાવેજ એટલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તૈયાર થયેલી નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP)-૨૦૨૦ છે. ભારતીય શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન કરવાની શક્તિ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાયેલી છે. ભારતના હજારો વર્ષ જૂના પ્રાચીન જ્ઞાન, સંસ્કૃતિ-પરંપરાની સાથે આધુનિકતાનો સમન્વય નવી શિક્ષણ નીતિમાં જોવા મળે છે જે ભવિષ્યમાં માત્ર ભારતને જ નહીં પણ વિશ્વને યોગ્ય દિશા-નિર્દેશ આપશે. IITE જેવી સંસ્થાઓ પ્રાચીન અને આધુનિક, પૂર્વ—પશ્ચિમ જ્ઞાનને જોડીને શ્રેષ્ઠ શિક્ષકના માધ્યમથી શ્રેષ્ઠ નાગરિક ઘડતરનું કાર્ય કરી રહી છે.

**આઝાદીના અમૃતકાળના પ્રારંભે કંઈક કરવાની ભાવના સાથે દેશ માટે જીવવા સૌ દેશવાસીઓ-યુવાનો સંકલ્પબદ્ધ બને : અમિત શાહ : ભારતના સાંસ્કૃતિક ધરોહર સમાન વારસાને વધુ સમૃદ્ધ બનાવવા ભારતની તમામ ભાષાને સુરક્ષિત કરી સંવર્ધિત કરવા યુવાઓને આહવાન કરતા અમિત શાહ : ભારત વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ ધપી રહ્યો છે ત્યારે દેશની યુવા શક્તિ રાષ્ટ્ર નિર્માણમાં આગળ આવે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આજે કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ તેમજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે IITEના ૨,૯૨૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ. આ પ્રસંગે ઉચ્ચ-તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા.

ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, ભારતની સૌપ્રથમ શિક્ષકોને પ્રશિક્ષણ આપતી સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન- IITEની સ્થાપના વર્ષો પહેલાં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કરી હતી. આ પ્રકારના વિવિધ નવા આઈડિયા સાથે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વર્ષો બાદ ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦નો અમલ કરવામાં આવ્યો છે. જેમાં અનેકવિધ હાલની જરૂરીયાતોને અનુરૂપ શિક્ષણના નવા પ્રયોગો-અભ્યાસક્રમને સ્થાન આપવામાં આવ્યું છે. આ નવી શિક્ષણ નીતિનો પ્રથમથી લઈને અંતિમ પૃષ્ઠ સુધી વિગતવાર અભ્યાસ કરવા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહે પદવી પ્રાપ્ત શિક્ષકોને આહવાન કર્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી શાહે વિદ્યાર્થીઓને ગુરુનો અર્થ સમજાવતા કહ્યું કે, પુરાતનકાળમાં ગુરુનો મહિમા અનેરો હતો જે આજે ફળીભૂત થાય તે માટે તમારે પ્રયાસો કરવાના છે. તેમણે કહ્યું કે, ગુરુમાં 'ગુ' એટલે અંધકાર 'રૂ' એટલે પ્રકાશ. અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તે સાચો ગુરુ. બાળકોને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાન આપીને સંપૂર્ણ વ્યક્તિ-નાગરિક બનાવવાની જવાબદારી આપ સૌએ નિભાવીને સાચા માર્ગે લઈ જવા માર્ગદર્શક બનવાનું છે.

## શહેરમાં પાણી-ગટર વેરાની નોટીસના અંતે પણ

# ચુકવણુ નહીં થાય તો જોડાણ કપાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે વર્ષ દરમિયાન પાણી ગટરના વ્યવસ્થાપન પાછળ પણ સરકાર તોતિંગ ખર્ચ કરે છે. જયારે આ ખર્ચની સામે તંત્રને વર્ષના અંતે નજીવો વેરો ચુકવવામાં પણ જોડાણકર્તાઓ નિરસતા દાખવતા હોવાનુ ચિત્ર પ્રતિવર્ષ વસુલાત ઝુંબેશના અંતે સ્પષ્ટ થાય છે. જયારે ગત વસુલાત ઝુંબેશના અંતે પણ શહેરના સે- ૧ થી ૧૩ માંથી જ ૧૩૮૮ જેટલા જોડાણકર્તાઓએ વેરાની ચુકવણી નહીં કરતા નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત ત્રણ ગામમાં પણ ૬૮૨ વપરાશકારોને નોટીસ આપવામાં આવી છે. જેમાં નવા સેકટરો અને ત્રણ ગામોમાં થઈને બાકી વસુલાતનો આંકડો અંદાજિત ૪૦ લાખ સુધી પહોંચ્યો છે. ત્યારે અ પૈકી ૨૫ લાખ તો શહેરી વિસ્તારના ત્રણ ગામોના જોડાણકર્તાઓ પાસેથી વસુવાના થાય છે. વેરો નહીં ચુકવનારના જોડાણ હવે કાપી નાંખવા સુધીના પગલા લેવા માટે પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

**પાણી ગટર વેરાની નબળી વસુલાતને અનુલક્ષી તંત્ર હવે કડક બનશે : નવા સેકટરો અને ત્રણ ગામોમાં જ ૪૦ લાખની વસુલાત બાકી : ધોળાકુવા , ઇન્દ્રોડા અને ગોકુળપુરામાં જ ૬૮૨ જોડાણકર્તાઓ પાસે ૨૫ લાખનુ બાકી માંગણુ**

**પાણી ગટર વેરા અન્વયે નોટીસ**

| | |
|---|---|
| સે-૧ | ૬૫ |
| સે-૨ | ૧૭૬ |
| સે-૩ | ૨૦૬ |
| સે-૪ | ૨૧૯ |
| સે-૫ | ૧૯૩ |
| સે-૬ | ૬૦ |
| સે-૭ | ૧૧૬ |
| સે-૮ | ૧૩૮ |
| સે-૧૨ | ૨૪ |
| સે-૧૩ | ૧૯૧ |

**શહેરી વિસ્તારના ત્રણ ગામ**

| | |
|---|---|
| ધોળાકુવા | ૩૪૬ |
| ઈન્દ્રોડા | ૩૧૦ |
| ગોકુળપુરા | ૨૬ |

ગાંધીનગર શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સ્માર્ટ સીટી અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે હાલ પણ સેકટરોમાં પુરતુ પાણી સપ્લાય કરવા માટે સરકાર પ્રતિવર્ષ તોતિંગ ખર્ચ કરી રહી છે. જેની સામે પાણી ગટર વેરાનો નજીવા વેરાની રકમ ચુકવવામાં પણ નાગરિકો નિરસતા સેવી રહ્યા હોવાનુ દરવર્ષની વસુલાત ઝુંબેશના અંતે સ્પષ્ટ થાય છે. એકબાજુ એડવાન્સ વસુલાત ઝુંબેશના અંતે માંગણા સામે પુરી વસુલાત આવતી નથી અલબત્ત ઝુંબેશના અંતે પણ માંડ ૪૫ થી ૫૦ ટકા કામગીરી માંડ થાય છે. આ સ્થિતિ વચ્ચે વર્ષો જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો થતો જાય છે. તંત્રના ચોપડે જુની બાકી વસુલાતની ઉધારી પણ વધુ છે. ત્યારે ગત માર્ચ મહીનાથી હાથ ધરાયેલી ઝુંબેશનાં અંતે પણ વસુલાત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com